BUSINESS મિત્ર

સેન્સેક્સે ઇન્ટ્રાડેમાં 85000 પોઇન્ટની સપાટી કુદાવી: નિફ્ટી 26000ની ઉપર બંધ રહી

બજારમાં તેજી, રોકાણકારોની સંપત્તિ 3.16 લાખ કરોડ વધી

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 29: વૈશ્વિક સારા સંકેતોની પાછળ ભારતીય શેરબજારમાં તેજીનો માહોલ જોવાયો હતો. જેમાં સેન્સેક્સ ઈન્ટ્રાડેમાં 85000 પોઈન્ટની સપાટી કુદાવી હતી, પણ ટકી શકી નહતી પણ નજીક બંધ રહ્યા હતા. જ્યારે નિફ્ટીએ 25000 પોઈન્ટની ઉપર બંધ રહેવામાં સફળ થયા હતા. જેના લીધે રોકાણકારોની સંપત્તિમાં રૂ. 3.16 લાખ કરોડનો વધારો થયો છે.

બીએસઈ લિસ્ટેડ કંપનીઓની માર્કેટ કેપ વધીને રૂ. 474.27 લાખ કરોડ થઈ ગઈ છે. જે અગાઉ રૂ. 471.11 લાખ કરોડ થયો હતો. જેના પગલે રોકાણકારોની સંપત્તિમાં રૂ. 3.16 લાખ કરોડનો વધરો જોવાયો છે. સેકટર વાઈઝ જોઈએ તો ઓટોમોબાઈલ સેકટરને બાદ કરતા તમામ સેકટરોમાં સુધારો જોવાયો હતો.

બીએસઈ સેન્સેક્સ 368.97 પોઈન્ટ એટલે કે 0.44 ટકા વધીને 84997.13 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં 85000 પોઈન્ટની સપાટી કુદાવીને 85105 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો. જ્યારે નીચામાં 84638 પોઈન્ટ સુધી ઘટયો હતો. નિફ્ટી 117.70 પોઈન્ટ એટલે કે 0.45 ટકા વધીને 26000 પોઈન્ટની સપાટી કુદાવીને 26053.90 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 26097 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 25960 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 171.15 પોઈન્ટ એટલે કે 0.29 ટકા વધીને 58385 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઈ ખાતે ડીસીએમ શ્રીરામ 33.48 ગણા, એચડીએફસી એએમસી 10.62 ગણા, ટીવીએસ મોટર 8.93 ગણા, ગો ડિજિટ 8.36 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે બ્લુ ડાર્ટ એક્સપ્રેસ 271.08 ગણા, ડીસીએમ શ્રીરામ 41.29 ગણા, કોહાન્સ લાઈફસાયન્સીસ 26.84 ગણા, અદાણી ગ્રીન એનર્જી 20.48 ગણા અને અદાણી ટોટલ ગેસ 12.85 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટ સુંદર પ્રદર્શન કરતું જોવાયું હતું. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 0.68 ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ 0.56 ટકા વધ્યા હતા. જેના લીધે માર્કેટ બ્રેડથ પોઝિટિવ રહ્યું હતું. બીએસઈ ખાતે 2495 શેરો વધ્યા હતા, જ્યારે 1657 શેરો ઘટ્યા હતા અને 173 શેરો યથાવત રહ્યા હતા.

મેટલ શેરોમાં ઝડપી ઉછાળો જોવાયો હતો. નિફ્ટી મેટલ ઈન્ડેક્સ 1.71 ટકા વધ્યા હતા. જેમાં સેઈલ, એનએમડીસી, હિન્દુસ્તાન કોપર, વેદાન્તા, હિન્દુસ્તાન ઝીંક, વેલસ્પન કોર્પ, જેએસડબલ્યુ સ્ટીલ, ટાટા સ્ટીલ, અદાણી એન્ટર અને એપીએલ અપોલો ટયુબ્સ વધ્યા હતા. બીજી તરફ, લોઈડ્સ મેટલ્સ, જિન્દાલ સ્ટીલ અને જિન્દાલ સ્ટેનલેસ ઘટ્યા હતા.

વૈશ્વિક સ્તરે યુરોપિયન અને એશિયન બજારોમાં મિશ્ર વલણ રહ્યું હતું. જ્યારે જાપાનનો નીક્કી નવી ઉંચાઈ હાંસલ કરતો જોવા મળી રહ્યો છે. આજે વધુ એક ટકાના ઉછાળા સાથે 51000 પોઈન્ટની સપાટી કુદાવી દીધી હતી. જેમાં અમેરિકા-જાપાનના વેપાર સંબંધો નવેસરથી વધુ સુદ્રઢ થવાનો આશાવાદ જાગ્યો છે. જેમાં રેર અર્થ ખનીજ સંદર્ભમાં કરાર કર્યા હતા. વૈશ્વિક બજારના સેન્ટિમેન્ટને સામાન્ય રીતે વધતા આત્મવિશ્વાસથી વેગ મળ્યો હતો કે ફેડ ધીમી વૃદ્ધિને ટેકો આપવા માટે સતત બીજો 25 બેસીસ પોઈન્ટ કટ આપશે, જેની વૈશ્વિક બજારો ઉપર અસર જોવા મળી હતી.

યુરોપિયન બજારોમાં એફટીએસઈ 0.77 ટકા, કેક 0.03 ટકા સુધાસા સાથે ચાલી રહ્યા છે. જ્યારે ડેક્સ 0.02 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 2.16 ટકા, હેગસેંગ સપાટ, તાઈવાન 1.22 ટકા, કોસ્પી 1.73 ટકા, જકાર્તા 0.90 ટકા અને શાંઘાઈ 0.70 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા. જ્યારે સ્ટ્રેઈટસ 0.23 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા.

સેન્સેક્સ	368.97	84997.13
નિફ્ટી	117.70	26053.90
બેન્ક નિફ્ટી	171.15	58485.25

નિફ્ટી

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
અદાણી પોર્ટસ	2.60	1454.80
પાવરગ્રીડ	2.46	295.35
એનટીપીસી	2.46	347.50
જેએસડબલ્યુ સ્ટીલ	2.00	1207.90
અદાણી એન્ટર	1.72	2537.40

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ડો. રેડ્ડીઝ લેબ	2.99	1250.90
કોલ ઇન્ડિયા	2.40	382.20
બીઇએલ	1.54	407.20
મહિન્દ્રા-મહિન્દ્રા	1.24	3534.70
ઇટર્નલ	1.24	330.45

સેન્સેક્સ

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
એનટીપીસી	3.05	249.40
પાવરગ્રીડ	2.81	296.50
અદાણી પોર્ટસ	2.78	1456.00
એચસીએલ ટેકનો	2.38	1557.70
ટાટા સ્ટીલ	1.68	184.90

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
બીઇએલ	1.54	407.25
ઇટર્નલ	1.24	330.45
મહિન્દ્રા-મહિન્દ્રા	1.15	3535.45
મારૂતિ સુઝુકી	1.04	16143.65
બજાજ ફાઇનાન્સ	0.93	1064.80

શેરબજારની મજબૂતાઇ પાછળ રૂપિયો સુધર્યો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 29: વૈશ્વિક સ્તરે રૂપિયામાં ધીમી રીકવરી જોવા મળી હતી. શેરબજારમાં સુધારાના પગલે રૂપિયામાં રીકવરી જોવા મળી હતી. ડોલરની સામે રૂપિયો 8 પૈસા સુધારા સાથે 88.20ના સ્તરે બંધ રહ્યા હતા. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 88.27ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 102.54, પાઉન્ડ 116.03, કેનેડિયન ડોલર 63.44, ઓસ્ટ્રેલિયન ડોલર 58.20, જપાનીઝ યેન 0.5795 અને સીંગાપોર ડોલર 68.36ના સ્તરે બંધ રહ્યા હતા.

ફોરેક્સ બજાર

ડોલર	88.20 ₹.
યુરો	102.54 ₹.
પાઉન્ડ	116.03 ₹.
યેન	0.5795 ₹.

અસ્થિરતાના વચ્ચે 89 કંપનીઓએ IPO દ્વારા રૂ. સવા લાખ કરોડ એકત્ર કર્યા

આઇપીઓના ઇતિહાસમાં સૌથી વધુ રકમ ગયા વર્ષે 1.59 લાખ કરોડ રૂપિયા એકત્ર કરવામાં આવી હતી

મુંબઈ, તા. 29: સ્થાનિક શેરબજારમાં અસ્થિરતા વચ્ચે 89 કંપનીઓએ આ વર્ષે આઈપીઓ માર્કેટમાંથી 1.25 લાખ કરોડ રૂપિયા એકત્ર કર્યા છે. જેમાંથી 12 કંપનીઓએ એકલા ઓક્ટોબરમાં જ 38,300 કરોડ રૂપિયાથી વધુની રકમ એકત્ર કરી છે. મહિનાનો છેલ્લો ઈશ્યૂ ઓર્ક્લા હશે, જેની કિંમત 1,667 કરોડ રૂપિયા છે. સેકન્ડરી માર્કેટમાં આ મહિને નોંધપાત્ર તેજી જોવા મળી છે અને તેના આધારે નવેમ્બરમાં 40,000 કરોડ રૂપિયા એકત્ર કરવાની યોજના છે.

સ્ટોક એક્સચેન્જના જણાવ્યા અનુસાર, લેન્સકાર્ટનો 7700 કરોડ રૂપિયાનો આઈપીઓ નવેમ્બરમાં પહેલો ઈશ્યૂ હશે. નવેમ્બરમાં જે મોટા આઈપીઓ આવી રહ્યા છે તેમાં આઈસીઆઈસીઆઈ પ્રુડેન્શિયલ (10,000 કરોડ રૂપિયા), ગ્રો (7,000 કરોડ રૂપિયા), બોટ (2,000 કરોડ રૂપિયા) અને પાઈનેલેબ (5,800 કરોડ રૂપિયા) સામેલ છે. આ સિવાય ફિઝિક્સવાલા પણ 3,870 કરોડ, પ્રેસ્ટિજ 2,500 કરોડ અને પાર્ક મેડી લાવવાની કતારમાં છે.

માર્કેટ એનાલિસ્ટના જણાવ્યા અનુસાર આ વર્ષે ઓક્ટોબર અને નવેમ્બરમાં જ આશરે 80000 કરોડ રૂપિયા એકત્ર થવાની ધારણા છે. ડિસેમ્બર સુધીમાં કંપનીઓ કુલ બે લાખ કરોડ રૂપિયાથી વધુની રકમ એકત્ર કરી શકે છે. જો આવું થશે તો તે ઓલટાઇમ રેકોર્ડ હશે.

અદાણી ગ્રીન એનર્જી બીજા કવાર્ટરના પરિણામ બાદ 10 ટકા ઉછળ્યો

2030 સુધીમાં 50 ગીગાવોટની ઉત્પાદન ક્ષમતા પર પહોંચાશે: અદાણી ગ્રીન

બીજા ક્વાર્ટરના પરિણામો બાદ અદાણી ગ્રીન એનર્જીના શેરમાં જબરદસ્ત ઉછાળો જોવા મળી રહ્યો છે. અદાણી ગ્રીનમાં 10 ટકાની અપર સર્કિટમાં વધારો થયો છે અને એક દિવસમાં ભાવમાં 100 રૂપિયાનો વધારો થયો છે. ગઈકાલે અદાણી ગ્રીન એનર્જીએ બજાર બંધ થયા પછી બીજા ક્વાર્ટરના પરિણામો જાહેર કર્યા હતા, જેમાં કંપનીએ જણાવ્યું હતું કે બીજા ક્વાર્ટરમાં તેનો ચોખ્ખો નફો 644 કરોડ રૂપિયા છે અને ઓપરેટિંગ આવક 3008 કરોડ રૂપિયા હતી.

આ પરિણામો બાદ આજે અદાણી ગ્રીન એનર્જીના શેરમાં જબરદસ્ત ખરીદી જોવા મળી રહી છે. સવારે કંપનીનો શેર 1028 રૂપિયા પર ખુલ્યો હતો અને શરૂઆતના તબક્કામાં 1104 રૂપિયાની ઊંચી સપાટીએ પહોંચ્યો હતો, જ્યારે ગઈકાલે આ શેર 1004 રૂપિયા પર બંધ થયા હતા.

અદાણી ગ્રીન એનર્જીના શેરમાં ગયા મહિનાના સપ્ટેમ્બરના અંતથી મોટો ઘટાડો જોવા મળ્યો હતો અને શેર 23 સપ્ટેમ્બરના રોજ 1177 રૂપિયાની ઊંચી સપાટીથી ઘટીને 998 રૂપિયા પર આવી ગયો હતો.

તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

સીંગતેલ (૧૫ કિ.)	૨૫૬૦	કોપરેલ	૭૮૦૦
સીંગતેલ (૧૫ લિ.)	૨૩૬૦	વનસ્પતિ ઘી	૨૩૫૦
સીંગતેલ (૫ લી)	૮૬૦	સનફ્લાવર	૨૧૭૦
કપાસીયા (૧૫ કિ.)	૨૪૫૦	તલતેલ	૫૦૦૦
કપાસીયા (૧૫ લિ.)	૨૨૫૦	દિવેલ	૨૪૫૦
કપાસીયા (૫ લિ.)	૭૬૦	મકાઇ તેલ	૨૪૦૦
સરસીયું તેલ	૨૯૫૦		

જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂ.)

મહારાષ્ટ્ર	
એમ-૩૦ (ભરવાલાયક)	૪૪૦૦
એમ-૩૦	૪૩૫૦
એસ-૩૦	૪૩૦૦
ગુજરાત	
એમ-૩૦	૪૩૦૦
એસ-૩૦	૪૨૫૦

ચાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ)

નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રફુલ/સાલાસર/કેપલોન	રૂ.	૭૫/૩૬ ,,	૧૨૭	-----	---
૩૦/૨૪ બ્રાઇટ	૨૫૪	૫૦/૩૬ ,,	૧૩૯	૮૦/૭૨ બ્લેક રોટો	૧૩૯
૩૦/૩૬ એફડી	૨૬૨	૫૦/૪૮ SD/ક્રેપ	૨૨૦	**ગાર્ડન**	
લોકલ		**RIL રિલાયન્સ**		૪૯/૨૪ એફડીવાય	૧૭૩
૬૨/૩૬ ક્રિમ્પ	૧૩૩	૯૦/૩૬ ક્રિમ્પ	૧૨૪	૩૦/૪૪ ક્રિમ્પ	૧૩૧.૫
૬૮/૩૬	૧૨૬	૧૧૪.૧૩ રોટો	---	૬૨ ક્રિમ્પ	૧૨૪
૭૨/૩૬ ક્રિમ્પ	૧૨૬	૧૦૦ ટેક્ષ	૧૨૩	૬૮ ક્રિમ્પ	૧૨૪
૯૦/૩૬ ક્રિમ્પ	૧૨૪	**વેલનોન** (જીએસટી સાથે)		૭૨ ક્રિમ્પ	૧૨૪
૮૪/૪૮ ક્રિમ્પ	૧૨૪	૮૦/૭૨ રોટો	૧૩૦	૭૫ ક્રિમ્પ	૧૨૩
૩૦/૧૪ ક્રિમ્પ	૧૭૩	૮૦/૭૨ ફોલ્ડર	૧૪૨	૮૦ ક્રિમ્પ	૧૨૯
૮૦/૭૨ રોટો.	૧૨૭.૨૫	૧૬૦ ડીસ્કેટ	૧૪૨	૮૦/૭૨ રોટો	૧૨૮
૮૦/૩૬ રોટો.	૧૨૬	---	---	૩૦/૨૪ બ્રાઇટ	---
૧૫૦/૪૮બ્રાઇટ	૧૨૦	૮૦/૧૦૮ ,,	૧૩૪	૩૦/૩૬ એફડી	---

સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

સટાન્ડર્ડ સોનું	૧૨૪૬૦૦
તેજાબી સોનું	૧૨૪૫૧૦
દાગીના-૨૨ કેરેટ	૧૧૮૩૭૫
દાગીના-બીએસઆઈ હોલમાર્ક	૧૨૨૧૧૦
સોનાનાં બિસ્કીટ	૧૨૪૬૦૦૦
ચાંદી (૯૯૯)	૧૫૧૫૦૦
ચાંદી સિક્કા	૧૫૩૦૦૦

ગુજરાત સરકાર
જળસંપત્તિ વિભાગ.
નિવિદા નં.૦૮, સને ૨૦૨૫-૨૬
પંચાયત સિંચાઇ વિભાગ, વલસાડ.

ગુજરાત રાજ્યના રાજ્યપાલ વતી કાર્યપાલક ઇજનેરશ્રી, પંચાયત સિંચાઇ વિભાગ, વલસાડ ધ્વારા પુર સંરક્ષણ દિવાલ તથા તળાવ મજબુતીકરણના કુલ - ૦૫ કામો, જેની અંદાજીત કિંમત રૂ. ૧૪.૫૦ લાખથી રૂ. ૨૯.૩૮ લાખ સુધીના માટે ગુજરાત સરકારના માર્ગ અને મકાન વિભાગ, નર્મદા, જળ સંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગમાં માન્ય કક્ષામાં રજીસ્ટ્રેશન ધરાવતા ઈજારદારશ્રીઓ પાસેથી ઓન લાઇન ઇ-ટેન્ડરીંગ સીસ્ટમથી એસ.બી.ડી. ફોર્મમાં ટેન્ડરો મંગાવવામાં આવે છે. ટેન્ડરો તા.૦૧/૧૧/૨૦૨૫ થી ઓનલાઇન જોઇ શકાશે.

૧. ઓનલાઇન ટેન્ડર સ્વીકારવાની છેલ્લી તારીખ અને સમય	તારીખ:૧૫/૧૧/૨૦૨૫, ૧૮-૦૦ કલાક સુધી.
૨. ફિઝીકલ ડોક્યુમેન્ટ (ટેન્ડર ફી અને બાનાની રકમ) મોકલવાની તારીખ	તારીખ-૨૫/૧૧/૨૦૨૫ સુધી કચેરી સમય દરમ્યાન રજી. પોસ્ટ એ. ડી. /કુરીયર/ સ્પીડ પોસ્ટ દ્વારા (દરેક કામવાર ફરજીયાત અલગ અલગ કવરોમાં મોકલવાના રહેશે.)
૩. ઓનલાઇન આવેલ ટેન્ડર ખોલવાની તારીખ અને સ્થળ	તારીખ:૨૬/૧૧/૨૦૨૫ ૧૨.૦૦ કલાકે કાર્યપાલક ઇજનેરશ્રી, પંચાયત સિંચાઇ વિભાગ, વલસાડ, (ફોન નં.૦૨૬૩૨ - ૨૪૪૩૧૪)

આ કામોની વિગતવાર નોટીસ આ કચેરીના નોટીસ બોર્ડ ઉપર તેમજ www.nprocure.com ઉપર જોવા મળશે.

કાર્યપાલક ઇજનેર
પંચાયત સિંચાઇ વિભાગ
જિલ્લા પંચાયત વલસાડ.

નં. માહિતી/વલસાડ/૫૯૦/૨૦૨૫

જાહેર નિવિદા નં. ૨૮/૨૦૨૫-૨૬ (બીજો પ્રયત્ન)

ગુજરાત રાજ્યના નામદાર રાજ્યપાલશ્રી વતી ડી.પી.આઇ.યુ. અને કાર્યપાલક ઇજનેર, ડાંગ પંચાયત (મા*મ) વિભાગ આહવા જિ. ડાંગ ફોન નં (૦૨૬૩૧) ૨૨૦ ૩૩૬ દ્વારા ડાંગ જિલ્લાના ૧૫મું નાણાપંચ યોજના અંતર્ગત નીચે મુજબના કામ માટે ઓનલાઈન ઈ-ટેન્ડરમાં જણાવ્યા મુજબના રજીસ્ટર્ડ ઈજારદારશ્રીઓપાસેથી ભાવો માંગવામાં આવે છે. આ કામોની ઈ-ટેન્ડરની સંપૂર્ણ વિગતો વેબ સાઈટ "http://tender.nprocure.com" ઉપર થી જોવા મળશે.
(૧) જરૂરી દસ્તાવેજો સ્કેન કરીને મુકવાના રહેશે.
(૨) દરેક દસ્તાવેજોની હાર્ડ કોપી તથા ટેન્ડર ફી, એફ.ડી.આર., આર.પી.એડી. થી કાર્યપાલક ઇજનેરશ્રી ડાંગ પંચાયત (મા*મ) વિભાગ આહવાની કચેરી જિલ્લા પંચાયત ભવન આહવા-ડાંગને સબમીશનની છેલ્લી તારીખ થી દિન-૦૭ સુધીમાં પહોચતા કરવાના રહેશે.
(૩) સોલવંશી સર્ટિફીકેટ તાજેતરના કેલેન્ડર વર્ષ-૨૦૨૫નું માન્ય રાખવામાં આવશે.

ઓનલાઈન ટેન્ડર જોવાની તારીખ	૨૯/૧૦/૨૦૨૫
ઓનલાઈન સબમીશનની છેલ્લી તારીખ અને સમય	૧૪/૧૧/૨૦૨૫, ૧૮.૦૦ કલાક
બીડ ખોલવાની તારીખ	૧૪/૧૧/૨૦૨૫, ૧૮.૧૦ કલાક

ક્રમ	કામનું નામ	રકમ રૂ. લાખમાં	ટેન્ડર ફી
૧	કંન્સ્ટ્રકશન ઓફ ન્યુ પ્લાન રોડ એટ કોચલીપાડા વિલેજ ઉપલા ફળિયા કિમી. ૦/૦ ટુ ૨/૭૦૦ તા.વઘઇ જી.ડાંગ	૯.૦૪	૯૦૦/-

આ કામોના ટેન્ડર દસ્તાવેજો ફક્ત ઇલેક્ટ્રોનીક ફોરમેટમાંજ જોવા મળશે અને વેબસાઈટ "http://tender.nprocure.com" પરથી ડાઉપલોડ કરી શકાશે.

કાર્યપાલક ઇજનેર
ડાંગ પંચયાત (મા*મ) વિભાગ
આહવા

ક્રમાંક: માહિતી/ડાંગ/૧૫૮/૨૦૨૫

જાહેર નિવેદા નંબર. ૧૨/૨૦૨૫-૨૬

આથી રસ ધરાવતી સંસ્થા / ઇજારદાર / વ્યક્તિઓને જણાવવાનું કે, કેવડીયા વન વિભાગના વિસ્તારમાં સીવીલ વર્કની કામગીરી કરવા માટે ભાવો મંગાવવામાં આવે છે. આથી રસ ધરાવતી સંસ્થા/ ઇજારદાર/ વ્યકિતઓએ (n) Procure (www.nprocure.com) સાઇટ પર જાહેરાત પ્રસિધ્ધ થયેથી તેમનો ભાવો ઓન લાઇન આપવા વિનંતી છે.
આ વિભાગ દ્વારા નક્કી થયેલ શરતો મુજબ કામગીરી કરવાની રહેશે.

તારીખ:-
સ્થળ:- એકતા નગર
માહિતી/નર્મદા/૩૫૭/૨૦૨૫-૨૬

નાયબ વન સંરક્ષક
કેવડીયા
SoUADTGA, એકતાનગર

APPLE CINEMA
૬ઠ્ઠી માળ, એક્ઝોનિક મોલ, મહાવીર સંસ્કારધામ, ઈસ્કોન મંદિર પાસે, જહાંગીરપુરા, સુરત.
★ મસાજર બેડ ★ કપલ બેડ ★ વીઆઈપી રીકલાઈનર
Book Tickets Now from : bookmyshow.com Paytm
: 8238380822
: @applecinemasurat

થામા
* આયુષ્યમાન ખુરાના * રશ્મિકા મંદાના * પરેશ રાવલ
૯.૦૫, ૧૦.૦૦, ૧૧.૦૦, ૧૨.૪૫, ૨.૩૦, ૪.૪૦, ૫.૨૦, ૬.૨૦, ૭.૩૦, રાત્રે ૯.૩૫, ૧૦.૨૦, ૧૧.૧૫

ચણિયા ટોળી
યશ સોની, નેત્રી ત્રીવેદી, ચેતન દૈયા
ગુજરાતી : ૯.૦૦, ૧.૫૦, ૧૧.૪૦, ૨.૨૦, ૩.૪૦, ૬.૦૦, ૭.૩૦, રાત્રે ૮.૪૦, ૧૦.૧૦

એક દીવાને કી દીવાનીયત
હર્ષવર્ધન રાણે * સોનમ બાજવા
૯.૦૦, ૧૦.૦૦, ૧૧.૦૦, ૧૧.૫૦, ૧૨.૫૦, ૧.૫૦, ૨.૩૫, ૪.૩૦, ૫.૨૦, રાત્રે ૮.૧૦, ૯.૧૫, ૧૦.૩૦, ૧૧.૦૦

કંતારા -1
૯.૦૦, ૧૨.૧૦, ૩.૨૦, ૬.૨૫, ૭.૨૦, રાત્રે ૧૦.૩૫

બયુની બેનપણી
ગુજરાતી : ૧૨.૦૦, ૫.૦૦

લાલો : શ્રીકૃષ્ણ સદા સહાયતે
ગુજરાતી : ૩.૩૦, રાત્રે ૮.૦૫

ફક્ત રૂા. ૯૦/- થી શરૂ
હોરર, કોમેડી જોવા જેવી ફિલ્મ

થામા
આયુષ્યમાન ખુરાના * રશ્મિકા મંદાના
પરેશ રાવલ * નવાઝુદ્દીન સિદ્દીકી
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે ૯.૩૦
મ્યુઝીકલ, રોમાન્ટીક ડ્રામા

એક દિવાને કી દીવાનીયત
હર્ષવર્ધન રાણે * સોનમ બાજવા
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે ૯.૩૦

RUPAM CINEMA
એડ.બુકીંગ થિયેટર અને bookmyshow.com પર ચાલુ છે.

Surat Municipal Corporation
Public Infrastructure Cell
Online Tender Notice No. DMC/ P.I.CELL/17/ 2025-26

Surat E-Tender (Online) Invitation Notice Tender Notice (Online) No.DMC/P.I.CELL/17/2025-26, the tender is invited online on https: // smc tender.nprocure.com from experienced Government approved Contractor with following schedule:

Name of Department	Public Infra. Cell (Civil)
No. of work	03

No.P.R.O./432/2025-26
Dt. 29/10/2025

Dy. Muni. Commissioner
Public Infrastructure Cell
Surat Municipal Corporation

RAJHANS
ગોપીતળાવ
નવસારી બજાર, સુરત

થામા
* આયુષ્યમાન ખુરાના * રશ્મિકા મંદાના
૯.૪૫, ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, રાત્રે ૯.૪૫
એક દીવાને કી દીવાનીયત
૧૦.૦૦, ૧૧.૪૫, ૨.૩૦, ૫.૧૫, ૭.૩૦, રાત્રે ૧૦.૩૦
ચણિયા ટોળી ગુજરાતી : રાત્રે ૮.૦૦
કંતારા -1 ૧.૦૦, ૪.૧૫, રાત્રે ૧૦.૧૫
થિયેટર પર અને bookmyshow.com અને Paytm પર એડવાન્સ બુકીંગ ચાલુ છે.

RAJ IMPERIAL
DOLBY ATMOS
INOX
દીપકમલ મોલ, સરથાણા નેચર પાર્ક પાસે, વરાછા રોડ, સુરત.
For Booking Movie Tickets @ Raj Imperial Inox Call On 02612577777

કાલથી જુઓ
મિસરી ગુજરાતી પારિવારીક ફિલ્મ
બાહુબલી: ધ એપિક (હિન્દી)
ધ તાજ સ્ટોરી (હિન્દી)

કાલથી જુઓ
મેન ઓફ સ્ટીલ સરદાર (હિન્દી)
સિંગલ સલમા (હિન્દી)

ગુજરાતી એકશન, કોમેડી ફિલ્મ
ચણિયા ટોળી
યશ સોની, નેત્રી ત્રીવેદી
9.40 am, 12.35 pm, 1.25 pm, 2.30 pm, 3.30 pm, 4.15 pm, 6.15 pm, 7.20 pm, 9.00 pm, 10.10 pm

હોરર કોમેડી ફિલ્મ
થામા
આયુષ્યમાન ખુરાના * રશ્મિકા મંદાના
પરેશ રાવલ * નવાઝુદ્દીન સિદ્દીકી
8.15 am, 9.00 am, 10.30, 11.30 am, 12.15 pm, 2.40 pm, 5.45 pm, 6.30 pm, 9.10 pm, 10.05 pm

રોમાન્ટીક, મ્યુઝીકલ ફિલ્મ
એક દીવાને કી દીવાનીયત
ATMOS : 8.50 am, 10.20 pm
રેગ્યુલર : 3.25 pm
કંતારા-1
ATMOS : 9.35 am, 11.45 am, 3.10 pm, 6.35 pm, 10.00 pm

કાર્બાઇડ ગનની દુર્ઘટનાઓ વહીવટીતંત્રની નિષ્ફળતાનો પુરાવો છે

મધ્યપ્રદેશમાં ૨૦૦ થી વધુ બાળકોને કેલ્શિયમ કાર્બાઇડ ગન નામના ફટાકડાના દુરુપયોગથી આંખોને નુકસાન થયું હતું. આ રસાયણનો ઉપયોગ વેલ્ડીંગ અને પેઇન્ટ જેવા ઉદ્યોગોમાં થાય છે, પરંતુ કેટલાંક લોકોએ તેનો ઉપયોગ વિસ્ફોટક તરીકે કર્યો હતો. દિવાળી દરમિયાન ઘરે બનાવેલી કાર્બાઇડ ગનથી રમ્યા પછી આ લોકોએ તેમની આંખોને નુકસાન પહોંચાડ્યું હતું. નિષ્ણાતોએ આ ઘરે બનાવેલાં રમકડાંની તુલના રાસાયણિક બોમ્બ સાથે કરી છે. આ લોકોએ ફટાકડા ફોડવા માટે કાર્બાઇડ ગનનો ઉપયોગ કર્યો હતો, જેનો ઉપયોગ મુખ્યત્વે ખેડૂતો વાંદરાઓ અને પક્ષીઓને ડરાવવા માટે કરે છે. વહીવટી બેદરકારીને કારણે ભારતમાં કાર્બાઇડ ગન સરળતાથી ઉપલબ્ધ હતી. પોલીસ હવે વેચાણકર્તાઓ પર કડક કાર્યવાહી કરી રહી છે.

ભારતનાં લોકો જુગાડ કરવામાં હોંશિયાર છે. તેમણે નવો જુગાડ કરીને કાર્બાઇડ ગન બનાવી કાઢી છે. કાર્બાઇડ બંદૂકો ઘરે બનાવેલાં ઉપકરણો છે, જે સામાન્ય રીતે પ્લાસ્ટિક અથવા ટીનના પાઇપમાંથી બનાવવામાં આવે છે. તેમાં રાસાયણિક પ્રતિક્રિયા બનાવવા માટે કેલ્શિયમ કાર્બાઇડ અને પાણીનો ઉપયોગ કરવામાં આવે છે, જેના પરિણામે હિંસક વિસ્ફોટ થાય છે. નિષ્ણાતો કહે છે કે ભલે તે રમકડાં જેવાં દેખાય છે, પણ આ ઉપકરણો અત્યંત ખતરનાક છે. કાર્બાઇડ બંદૂકોમાં કેલ્શિયમ કાર્બાઇડ, મેચસ્ટીક્સ અને ગનપાઉડરનું મિશ્રણ હોય છે. કેલ્શિયમ કાર્બાઇડ સાથે પાણી ભેળવવાથી એસિટિલિન ગેસ ઉત્પન્ન થાય છે, જે સળગાવવામાં આવે ત્યારે શક્તિશાળી વિસ્ફોટ થાય છે, જે તીવ્ર ગરમી અને હાનિકારક વાયુ છોડે છે. એક સમયે ફળો પકવવા માટે તેનો ઉપયોગ થતો હતો, પરંતુ છેલ્લાં કેટલાંક વર્ષોથી આ પ્રથા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. કાર્બાઇડ બંદૂકો પીવીસી મંકી સ્પિલર ગન તરીકે છૂટથી ઓનલાઈન વેચાય છે અને પરંપરાગત ફટાકડાના વિકલ્પ તરીકે ઊભરી આવી છે. જ્યારે કાર્બાઇડ ગન ફૂટવામાં નિષ્ફળ જાય છે, ત્યારે બાળકો ઘણી વાર બેરલમાં જુએ છે. તે સમયે ગન અચાનક ફૂટે તો એક ક્ષણનો વિરામ રેટિના ફાટી જવા માટે પૂરતો શક્તિશાળી વિસ્ફોટ કરી શકે છે અને તાત્કાલિક અંધત્વનું કારણ બની શકે છે. પ્રતિબંધ છતાં ઈ-કોમર્સ પ્લેટફોર્મ ઉપર કાર્બાઇડ આધારિત બંદૂકોનું વેચાણ ચાલુ છે. મધ્ય પ્રદેશના ભોપાલ જિલ્લામાં જ કાર્બાઇડ ગનથી થતી આંખની ઇજાના ૧૦૦ થી વધુ કેસ નોંધાયા છે, જેમાં ઓછામાં ઓછા ૧૫ કેસોમાં સર્જરીની જરૂર પડી છે. અન્ય ત્રણ જિલ્લા